# વાલ્મીકીય રામાયણમાં રામની વેદના– મેઘદૂતમાં યક્ષની વેદના'

**ડૉ.દિનકર.એચ.ગવલી**
**કવિશ્રી બોટાદકર આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, બોટાદ**

કવિકુલગુરુ કાલિદાસની આગવી પ્રતિભાની છાપ ધરાવતું સંસ્કૃતના ઊર્મિકાવ્યોમાં શીર્ષસ્થાને બેસી શકે એવું ' મેઘદૂત' મૌલિક કલ્પનાપ્રધાન સર્જન છે. એક કવિના કલાકાર હૃદયની માવજત એને મળી છે એટલે આ કાવ્ય સર્વાંગસુંદર બન્યું છે. કવિવર કાલિદાસની સાહિત્યસૃષ્ટિના પ્રશસ્ત પ્રાસાદનોસુવર્ણકળશ 'મેઘદૂત' છે. આ ખંડકાવ્ય વાસ્તવમાં સંસ્કૃત સાહિત્યરૂપી નંદનવનમાં અનેક મહાકાવ્યોરૂપી કલ્પવૃક્ષોની વચ્ચે પોતાના પમરાટથી પ્રાણીમાત્રને પ્રફુલ્લિત કરનાર પારિજાત સમાન શોભે છે.[૧] મેઘદૂતના કર્તા કવિ કાલિદાસને રામના સીતા પ્રત્યેના હનુમાનના દૂત પ્રસંગ પરથી પ્રેરણા મળી એવી વિચારધારાની પુષ્ટિ કરનારા કેટલાક વિધ્વાનો છે. મલ્લિનાથ નામના ટીકાકાર કહે છે કે

**सीतां प्रति रामस्य हनुमत्संदेशं मनसि निधाय मेघसन्देशं कविः कृतवान इत्याहुः । –** મલ્લિનાથ

દક્ષિણાવર્તનાથ નામના ટીકાકાર (૧૩મી સદી) નો એવો મત છે કે '' રામે હનુમાન દ્વારા સીતાને મોકલાવેલ સંદેશાનું સ્મરણ કરીને કાલિદાસે મેઘદૂતની રચના કરી '' શ્રી વી.કે. પરાંજપેનો નીચે મુજબનો મત પ્રદર્શિત કર્યો છે.

રામ – યક્ષ
રામદૂત હનુમાનનું આકાશ માર્ગે ગમન – યક્ષદૂત મેઘનું આકાશ માર્ગે ગમન
રામનો સંદેશ – યક્ષનો સંદેશ
રામનો સીતાથી વિરહ – યક્ષનો યક્ષપત્નિથી વિરહ
લંકાનગરી – અલકાનગરી
રામની અભિજ્ઞાન રૂપે હનુમાનને મુદ્રિકા અર્પણ – યક્ષનું અભિજ્ઞાન રૂપે પ્રસંગ કહેવો

કવિ કાલિદાસ રામાયણથી પરિચિત છે.અન્ય હકીકતો દ્વારા પણ સ્પષ્ટ થાય છે કે કવિ કાલિદાસે મેઘદૂતની રચના કરવા માટે રામાયણની પરંપરા સ્વીકારી છે. સીતાના અપહરણ પછી પંપાસરોવર કિનારે શોકાકુલતા અને મેઘદૂતના યક્ષની વિરહવ્યાકુળતા સમાન છે. રામે હનુમાન દ્વારા સંદેશો મોકલ્યો હતો. અને યક્ષે મેઘ દ્વારા સંદેશ મોકલ્યો હતો. સાગર પાર કરવા માટે ઉડ્યનફાળ ભરનાર હનુમાન પાંખવાળા પર્વત જેવા લાગે છે આ પ્રકારનું વર્ણન રામાયણમાં છે. હનુમાનનું દૌત્ય, રહસ્યકથા દ્વારા અભિજ્ઞાન વગેરે કલ્પનાઓના મૂળ સૂત્રને કાલિદાસે મેઘદૂતમાં સ્થાન આપ્યું છે. મેઘદૂત અને રામાયણ વચ્ચે કેવળ વિરહસાદશ્ય, શબ્દસાદશ્ય અને વિચાર સાદશ્ય જ નથી પરંતુ અનેક સાદશ્ય છે.સીતાવિરહ–યક્ષપ્રિયાવિરહ,સીતાવિયોગનું એક વર્ષ–યક્ષપત્નિવિયોગનું એક વર્ષ, વર્ષાઋતુને અંતે પ્રિયમિલનની અપેક્ષા, રામનો વિલાપ–યક્ષનો વિલાપ, જેવી રામની વિરહકૃશતા છે તેવી જ યક્ષની પણ સ્થિતિ છે. ટુંકમાં વાલ્મીકિના સંગેમરમરમાંથી મેઘદૂતનો તાજમહેલ રચાયો છે. સુખના ઉપભોગથી સમૃધ્ધ એવી અલકાનગરી જેવી રામાયણની સર્વસુખસંપન્ન લંકાનગરી છે. લંકાનગરીના સુંદર મહેલોમાં લલનાઓની શૃંગારિક ક્રીડાઓ થાય છે તેનું વર્ણન અલકાનગરીનું પ્રેરણાબીજ છે. અશોકવનમાં રામવિયોગિની સીતા અને અલકાનગરીમાં યક્ષપ્રિયાની સ્થિતિમાં સમાનતા જોવા મળે છે. મેઘદૂતમાં કવિ કાલિદાસે વિપ્રલંભ શૃંગારના નિરૂપણમાં પોતાની સિધ્ધિ બતાવી છે. જે કવિની કમનીય કવિપ્રતિભાનું ઉત્તમ પ્રમાણ છે. કદમાં નાનું હોવા છતાં આ દૂતકાવ્ય જગપ્રસિધ્ધ બન્યું છે.મંદાક્રાન્તા છંદમાં રચાયેલ આ ઊર્મિકાવ્યમાં કામાતુર પ્રણયની વિરહવેદના વર્ણવાયેલી છે. પ્રાકૃતિકસૌંદર્યની સાથે કવિએ પોતે નિહાળેલ પોતાને પ્રિય એવા ભારતવર્ષના ભૂમિપ્રદેશોનું વર્ણન કરવાની કવિની કાવ્યસુઝ નોંધપાત્ર છે.

**आषाढस्य प्रथमदिवसे मेघमाश्लिष्टसानुं ।**
**वप्रक्रिडापरिणतगतप्रेक्षणीयं ददर्श ॥**[२]

પોતાના કામમાં પ્રમાદ કરવાથી યક્ષ પોતાના સ્વામી કુબેરનો એક વર્ષ સુધી પ્રિયાવિરહ વેઠવાનો શાપ પામે છે. તેથી સામર્થ્યહીન થઈ તે રામગિરિ પર્વત પર નિવાસ કરે છે. પ્રારંભમાં કેટલાક માસમાં જ પ્રિયાવિરહમાં તેનો દેહ ક્ષીણ થઈ ગયો છે. ત્યાં આઠ માસ વિતાવ્યા પછી અષાઢ મહિનાના પ્રારંભમાં વર્ષાનમનના સમયે એને ઉત્કંઠાજનક મેઘદર્શન થાય છે. કેવળ એક જ વિશેષણ દ્વારા વિરહદુર્બળ યક્ષનું રેખાચિત્ર કવિએ દોર્યુ છે. અષાઢ માસના પ્રથમ દિવસે જ યક્ષ કોઈ ગજરાજ સમાન ગગનવિહારી મેઘને જુએ છે. તેની વિરહ–વેદના હવે જાણે કે પરાકાષ્ઠાએ પહોંચે છે. અષાઢ માસના આવા વાતાવરણને

અછડતા ઉલ્લેખો દ્વારા સર્જ્યું છે અને આવા વાતાવરણમાં વિયોગી યક્ષની ગાઢ અન્તર્વેદનાને ઉભરાવી છે. પ્રિયતમના જીવનને ટકાવવા ઈચ્છુક યક્ષ મેઘને દૂત તરીકે પ્રયોજે છે. અને પોતાની જેમજ પ્રિયતમાને પ્રણયસંદેશ પાઠવે છે. અષાઢ માસના મેઘમંડળ નીચે વિરહીનું ઉત્કંઠિત અંતર અસહ્ય ઓથાર અનુભવે છે.

વર્ષાસમયે પુનર્મિલનની વ્યાકુળતા, ચિત્તમાં અજંપો, પ્રિયાવિરહમાં શૂન્યમનસ્ક બનવું વગેરે અવસ્થાઓ કિષ્કિન્ધાકાંડમાં રામ અનુભવી રહ્યા છે, અને વર્ષાઋતુનું વર્ણન કરે છે.

अयं स कालः सम्प्राप्तः समयोद्य जलागमः ।
सम्पश्य त्वं नभो मेघैः संवृतं गिरिसंनिभैः ॥[૩]

હવે આ જળની પ્રાપ્તિ કરવાવાળા પ્રસિધ્ધ વર્ષાકાળ આવી ગયો પર્વતની જેમ પ્રતીત થનાર મેઘથી આકાશમંડલ આચ્છાદિત થઈ ગયું છે.

**आपन्न प्रशमनफलाः संपदो ह्युत्तमानाम्**[૪] અર્થાત દુઃખીઓના દુઃખનું નિવારણ કરવામાં જ મહાનપુરુષોની સમૃદ્ધિની સાર્થકતા છે. યક્ષ માત્ર સામર્થ્યવાન સજ્જનવર્ગની પ્રશંસા કરે છે. વેદના વચ્ચે પણ નમ્રતાથી વાસ્તવમાં તો અહીં યક્ષની મહાનતા જ પ્રશંસાપાત્ર છે.

યક્ષ મેઘને કહે છે કે અલકાનગરી તરફ પોતાની પિયતમા પાસે પહોંચવાના માર્ગ વિશે જણાવે છે. ત્યાં તે વિરહ વ્યાકુળ પ્રિયાને શોધવામાં અનુકૂળતા રહેશે.

नूनं तस्याः प्रबलरुदितोच्छननेत्रं प्रियाया
निःश्वासानामशिशिरतया भिन्नवर्णाधिरोष्ठम ।
हस्ते न्यस्तं मुखमसकलव्यक्ति लम्बालकत्वा-
दिन्दोर्दैन्यं त्वदनुसरणक्लिष्टकान्तेर्विभर्ति ॥[૫]

વિરહવ્યથા અનુભવી રહેલ યક્ષ પ્રિયતમાને પણ પોતાના સમાન કામાતુર કલ્પે છે. અલંકારવિહિન એવી તે પ્રિયતમા જયારે શૈયા પર દીર્ઘ નિઃશ્વાસ નાંખી રહી હોય ત્યારે તેની અવસ્થાથી દુઃખી થઈને મેઘ પણ તાજા જળરૂપી અશ્રુ સારશે. આમ કહીને યક્ષ જાણે કે મેઘને સહાનુભૂતિપૂર્ણ બનાવે છે. વિરહ અવસ્થા અનુભવતો યક્ષ કરુણતાની સાક્ષાત મૂર્તિ સમાન લાગે છે. દુઃખી પ્રિયા જો નિદ્રાનું સુખ પામી રહી હોય તો તારું ગર્જન થંભાવી દઈ હૈયાધારણ કરજો, કારણકે વિરહી હૈયા માટે તો વિલાસ જ મૃગજળ સમાન આશા છે. ઉત્કંઠીત એવી પ્રિયા આતુરતાથી અનિમેષ નયને યક્ષ સંદેશ સાંભળશેજ એવી બાંહેધરી આપતાં યક્ષ મેઘને પોતાનો અભિપ્રાય જણાવે છે. વિલાસપ્રિય યક્ષને કોઈ એક વસ્તુમાં પ્રિયતમાનું પૂર્ણ સાદશ્ય દેખાતું નથી.

श्यामास्वङ्ग चकितहरिणीप्रेक्षणे दृष्टिपातं वक्त्रच्छायां शशिनि शिखिनां बर्हभारेषु केशान ।
उत्पश्यामि प्रतनुषु नदीवोचिषु भ्रूविलासा-न्हन्तैकस्मिन्क्वचिदपि न ते चण्डि सादृश्यमस्ति ॥[૬]

યક્ષને પ્રિયંગુલતામાં પ્રિયાનો દેહ, ત્રસ્ત હરણિની આંખોમાં તેનો દ્દષ્ટિપાત, ચંદ્રમાં મુખકાંતિ, મોરના પિચ્છકલાપમાં કેશકલાપ, નદીની લહેરોમાં નયનકટાક્ષનું દર્શન કરે છે પરંતુ તે ચંડિસ્વરૂપ પ્રિયાનું સાદશ્ય કોઈ એક વસ્તુમાં સુલભ નથી. પ્રિયતમાને યાદ કરી યક્ષ જાણે કે કલ્પનાના મહેલ રચે છે. યક્ષ જાણે નિરાધાર બની ગયો પરંતુ એક માત્ર સંયોગ આશાના સહારે જીવન ટકાવી રાખનાર યક્ષ સંસારનું સનાતન સત્ય રજુ કરે છે. પ્રિયાને પણ ધીરજ ધારણ કરવા કહે છે.

कस्यात्यन्तं सुखमुपनतं दुःखमेकान्ततो वा
नीचैर्गच्छत्युपरि च दशा चक्रनेमिक्रमेण ।[૭]

'ચક્રના આરાની માફક ફરતાં સુખ અને દુઃખ તો આ જગતમાં દરેક મનુષ્યના જીવનમાં આવતાં રહે છે. એક સમાન દુઃખ કે સુખ કોને પ્રાપ્ત થયું છે ?' સંસારનાં સનાતન સત્યને વિરહના વેશમાં પલટાવવાની કવિ કાલિદાસની કાવ્યકલા ખરેખર પ્રશંસનીય છે.

મેઘદૂતમાં યક્ષ જાણે કે કામાગ્નિમાં બળી રહેલ છે. પ્રિયાવિયોગ તેને વધુને વધુ સતાવે છે. રામાયણમાં પણ રામની સ્થિતિ યક્ષ જેવી જ છે.

कचिद बाष्पाभिसंरुद्धान वर्षागमसमुत्सुकान ।
कुटजान पश्य सौमित्रे पुष्पितान गिरिसानुषु ।
मम शोकाभिभूतस्य कामसंदीपनानस्थितान ॥८

પર્વત શિખર પર ખીલેલા કુટજ પુષ્પો કેવા શોભી રહયાં છે. કયાંક તો પહેલી વાર વરસાદ પડવાથી જમીનમાંથી નિકળેલ બાફથી વ્યાકૂળતા અનુભવી રહયા છે. વળી વર્ષાના આગમનથી અત્યંત ઉત્સુકતા જોવા મળે છે. હું તો પ્રિયાવિરહના શોકથી પીડિત છું અને કુટજપુષ્પો મારા પ્રેમાગ્નિને ઉદીપ્ત કરે છે. રામ જયારે લક્ષ્મણ સાથે પ્રસ્ત્રવણ પર્વત પર નિવાસ કરે છે ત્યારે કહે છે કે પર્વત પર પરમ સુખ પ્રદાન કરનાર ફળ ફૂલ વગેરે આવશ્યક વસ્તુઓ ખૂબ જ હતી તો પણ રાક્ષસ દ્વારા હરણ કરાયેલ પ્રાણથી પણ પ્યારી આદરણીય સીતાને યાદ કરી શ્રીરામ ને જરા પણ સુખ ન હતું ખાસ કરીને ઉદયાચલ પર્વત પર ચંદ્રદેવનાં દર્શન કરી રાત્રે એને શૈયા પર નિદ્રા આવતી ન હતી. સીતાના વિયોગથી આંસુ વધતાં જતાં તે અચેતન જેવા થઈ જતા હતા. રામને શોકમગ્ન જોઈ લક્ષ્મણ કહે છે,

अलं वीर व्यथां गत्वा न त्वं शोचितुमर्हसि ।
शोचतो ह्यवसीदन्ति सर्वार्था विदितं हि ते ॥९

મેઘદૂતમાં કવિ પ્રેમજીવનમાં વિરહની અગત્યતા જણાવે છે વિરહનું મૂલ્ય આંકતાં યક્ષ કહે છે કે

स्नेहानाहुः किमपि विरहे ध्वंसिनस्ते त्वभोगाद
इष्टे वस्तुन्युपचितरसाः प्रेमराशीभवन्ति ।१०

‘ વિરહમાં સ્નેહ નાશ પામે છે એમ લોકો કહે છે, પણ સ્નેહના અભોગને કારણે ઈષ્ટ વ્યકિત તરફની રસતૃષ્ણા વધીવધીને તે પ્રેમપૂંજ બને છે.’

**: સંદર્ભ સુચિ :**


१ महाकवि कालिदास - पृष्ठ १
૨. મેઘદૂત (પૂર્વમેઘ) શ્લોક : ૨
૩. वाल्मीकीय रामायण - ४-२८-२
૪. મેઘદૂત (પૂર્વમેઘ) શ્લોક : ૫૩
૫. મેઘદૂત (ઉત્તરમેઘ) શ્લોક : ૨૪
૬. મેઘદૂત (ઉત્તરમેઘ) શ્લોક : ૪૪
૭. મેઘદૂત (ઉત્તરમેઘ) શ્લોક : ૪૯
૮. वाल्मीकीय रामायण - ४-२८-१४
૯. वाल्मीकीय रामायण - ४-२८-३४
૧૦. મેઘદૂત (ઉત્તરમેઘ) શ્લોક : ૫૨


**Author:** **ડૉ.દિનકર.એચ.ગવલી, મદદનીશ પ્રાધ્યાપક (સંસ્કૃત), કવિશ્રી બોટાદકર આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, બોટાદ**